# ધોળાકુવાનો ગબ્બર એટલે સર્જનાત્મકતા થકી આદ્યશક્તિની આરાધના

## અદ્‌ભૂત અને નયનરમ્ય ગબ્બરને જોવા દૂર દૂરથી મુલાકાતીઓનો પરિવાર સહિત ઘસારો

ગાંધીનગર, તા. ૨૩
ગાંધીનગરના પાદરે સ્થિત ધોળાકુવા ગામે વર્ષોથી યુવાનો દ્વારા ખોબા જેવડા ધોળાકુવા ગામમાં કોઈક પૌરાણિક માન્યતાને પગલે નવરાત્રીના ગરબા કરવામાં આવતા નથી. ગામમાં નવરાત્રી ઉજવાતી ના હોવાથી ગામના યુવાનો નવરાત્રી સમયે મનમાં ને મનમાં મુંઝાયા કરતા હતા. છેવટે કેટલાક સર્જનાત્મક વિચારો ધરાવતા યુવાનોએ વિચાર્યુ કે 'ભલે ગરબા ના કરાય, પરંતુ ગબ્બર બનાવી માતાજીની આરાધના તો કરાય ને ?' બસ આ વિચારથી જન્મ્યો એક સર્જનાત્મકતાનો અદ્‌ભૂત નજારો. છેલ્લાં કેટલાક વર્ષોથી શરૂ થયેલ આ પરંપરામાં ગામના યુવાનો એકઠાં થઈ નવરાત્રી પૂર્વેના ચારેક માસ અગાઉથી ગબ્બર બનાવવાના કાર્યનો પ્રારંભ કરે છે. તેઓ પોતાના નોકરી-વ્યવસાય પતાવી દરરોજ રાત્રે મંદિરના હોલમાં એકત્ર થઈ ગબ્બર નિર્માણના વિવિધ પાસાંઓ તૈયાર કરે છે. આ ચાર માસની મહેનત બાદ તૈયાર થતો ગબ્બર જોઈ સૌ કોઈ આફરિન પોકારી જાય છે.
ધોળાકુવાના ગબ્બરમાં માતાજીના મંદિર સાથે કિલ્લાં, પર્વતો, જંગલ, નદીઓ-ઝરણાં, માર્ગો, સ્ટ્રીટલાઈટો, સર્કલ, સ્કૂલ, યજ્ઞશાળા, વિજડીપી, થાંભલા, વાહનો, ગ્રામજનો, પનિહારિઓ, ખેડૂતો, ઋષિમુનિઓ વગેરેનું



'ગબ્બર' પર્વતના દર્શનનું મનોરમ્ય દશ્ય ખડુ કરવામાં આવે છે. ચાર ચાર મહિનાની મહેનતથી ગામના બળિયાદેવ યુવકમંડળના આશરે વીસેક યુવાનો મળીને આ અદ્‌ભૂત અને નયનરમ્ય દશ્યનું સર્જન કરે છે જેને નિહાળી મુલાકાતીઓ આફરિન પોકારી જાય છે.







ઝીણવટભર્યુ કાર્ય કરી આબેહૂબ દશ્ય ખડું કરવામાં આવે છે. આ કાર્યમાં માટી, પથ્થર, ઘાસ, વનસ્પતિ, વાંસ વગેરે ઉપરાંત થર્મોકોલની કોતરણી તથા રંગકામ વગેરેનો સુમેળભર્યો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ગબ્બરને જોવા દૂરદૂરથી મુલાકાતીઓ પરિવાર સાથે પધારે છે.

# સરગાસણ પંપીગ સ્ટેશન પાસે માર્ગ પર ભૂવો પડ્યો

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર-સરખેજ માર્ગ પર સરગાસણ પંપીગ સ્ટેશન પાસે પુરવામાં આવે તેવી માંગ નગરજનો દ્વારા ઉઠવા પામી છે.
ચોમાસાની સિઝનના પ્રારંભે જ ઘ-૦ થી સરખેજ તરફ જવાના માર્ગ પર કોસ પાસે સરગાસણ પંપીંગ સ્ટેશન પાસે મસમોટો ભુવો પડ્યો



મસમોટો ભુવો પડ્યો છે. પંપીગ સ્ટેશન પાસે ભુવો પડતા સ્થાનિક નાગરીકોએ તાત્કાલીક અસરથી આળશ ઉભી કરી દીધી છે. ભુવો એટલો બધો ઉંડો છે કે આખે આખી કાર તેમાં ગરકાવ થઈ જાય તો પણ ખબર ન પડે. જયારે મુખ્યમાર્ગ પર ભુવો પડ્યો હોવાથી વાહનચાલકો પણ સાવધાની પૂર્વક વાહનો હંકારે છે.ત્યારે તંત્ર દ્વારા સત્વરે ભુવો જ વરસાદ વરસતા શહેરના ચકાચક માર્ગો ખરબચડા બની જવા પામ્યા છે. ત્યારે વરસાદને પગલે શહેરમાં ભુવા પડવાના કિસ્સા પણ સામે આવ્યા હતા. શહેરમાં ગટર લાઈન, ગેસ લાઈન, તેમજ પાણીની લાઈન સહિતની વિવિધ કામગીરી પૂર્ણ થયા બાદ ખોદકામના સ્થાને યોગ્ય પુરાણના અભાવે ભુવા પડવાની સ્થિતિ સર્જાય છે. ત્યારે તાજેતરમાં છે. ભુવો એટલો ઉંડો અને પહોળો છે કે આખે આખી કાર પણ તેમાં જતી રહે, જયારે વળાંક પાસે ભુવો પડ્યો હોવાથી સરગાસણ ની સીમમાં આવેલ ફલેટના રહીશો ત્યાંથી આવન-જાવન કરતા હોય છે. જેથી સ્થાનિક નાગરીકો દ્વારા ભુવાની આસપાસ આળશ ઉભી કરાઈ છે. ત્યારે તંત્ર દ્વારા સત્વરે ભુવો પુરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



પપ્પાએ ગરબા કલાસ અડધેથી બંધ કરાવી દીધા હતા... હવે પગ પાછો કેમ લાવવો એ નથી આવડતું...!! તું શીખ્યો હોય તો ટીપ્સ આપ... !!

## ચિલોડા ખાતે ક્યુ એન્ડ ક્યુ ગ્રાહક જાગૃતિ અભિયાન હાથ ધરાયું

ગાંધીનગર તાલુકાના ચિલોડા સર્કલ પાસે દિલ્હી હાઈવે ઓટોમોબાઈલ એચ.પી. પેટ્રોલપંપ દ્વારા ક્યુ એન્ડ ક્યુ જાગૃતિ અભિયાન અંતર્ગત એચ.પી. છે જ્યાં ભરોસો છે. અંતર્ગત ગ્રાહકો અને આગેવાનો સહિત એક જાગૃતિ અભિયાનનો કાર્યક્રમ દરેક માનવંતા ગ્રાહકોને આપવામાં આવી રહ્યો છે. એચ.પી. પેટ્રોલ પંપ ચિલોડા ખાતે આ અભિયાન હેઠળ માનવંતા ગ્રાહકોને ડીઝલ-પેટ્રોલ તોલમાપ અને ગુણવત્તા અંગે ગ્રાહકોના અધિકારો અંગે પૂર્ણ સમજદારી અને માહિતી આપવામાં આવે છે. અભિયાનમાં હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન સહાયક સેલ પ્રબંધક પાદમેશ શુક્લા તેમજ તાલુકા વિકાસ અધિકારી રમિલાબેન પરમાર, ગાંધીનગર જિલ્લા ભાજપ કિસાન મોરચાના અધ્યક્ષ હસમુખભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા આરએસએસના સેવા પ્રમુખ હર્ષદભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લાના લઘુમતી મોરચાના ઉપપ્રમુખ રહીશભાઈ ચિલોડા ગામના સરપંચ શ્રીમતી વસુમતીબેન પટેલ વિગેરે માહિતી પુરી પાડી હતી.

# નારદીપુર ખાતે યોજાયેલ વૈજ્ઞાનિક પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ

નારદીપુર, તા. ૨૩
કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા આયોજિત એક




દિવસીય પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ તા.૨૨-૯-૨૦૧૭ને શુક્રવારના રોજ કલોલ તાલુકાના નારદીપુર ખાતે યોજવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં મુખ્ય અતિથી અને ઉદ્‌ઘાટક તરીકે કામધેનુ યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ ડો. પી.એચ. વાટલીયાએ ખાસ હાજર રહી મહિલા પશુપાલકોને આદર્શ દૂધ ઉત્પાદન અંગે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. જયારે અતિથીવિશેષ તરકે નારદીપુરના શ્રી રાધાકૃષ્ણ આશ્રમના મહંત સ્વામી વિવેકાનંદ મહારાજ તેમજ કામધેનુ યુનિવર્સિટીના સંશોધન નિયામક ડો. ડી.બી. પાટીલ, પ્રોજેક્ટ ઓફિસર ડો. પી.પી. પટેલ અને નારદીપુર દૂધ સહકારી મંડળીના પ્રમુખ નરેન્દ્રસિંહ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.
આ વૈજ્ઞાનિક પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમમાં નારદીપુરના પશુપાલકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. જેમાં મહિલા પશુપાલકોની વિશેષ હાજરી હતી. કામધેનુ યુનિવર્સિટીના જુદા-જુદા વિષય નિષ્ણાંતો દ્વારા પશુપાલકોને પશુપોષણ, પશુ પ્રજનન, પશુ વ્યવસ્થા અને માવજત, પશુઓમાં જોવા મળતા રોગો અને તેને અટકાવવાના ઉપાયો જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન પશુપાલકોના પ્રશ્નોના નિષ્ણાતો દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા.

# છેતરપિંડીનાં ગુનામાં સંડોવાયેલા પોઈચાનાં સ્વામીની આખરે ધરપકડ

### આપઘાત કરનાર જમીન દલાલની સ્યુસાઇડ નોટ આધારે નોંધાયેલા ગુનામાં ડભોડા પોલીસે સ્વામીની ધરપકડ કરી : સ્વામી ચાર દિવસનાં રિમાન્ડ પર

ગાંધીનગર, તા.૨૩
ડભોડા નજીક આવેલા રતનપુર ગામમાં રહેતા એક જમીન દલાલે એપ્રિલ માસમાં લીંબડીયા કેનાલમાં આપઘાત કરી લીધો હતો. કેનાલ બહાર પડેલી તેની કારમાંથી સ્યુસાઈડ નોટ મળી આવી હતી અને તેમા મેઘરજની એક જમીનમાં પોઈચાનાં એક સ્વામી તથા તેના માણસો દ્વારા કરવામાં આવેલી છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ઉલ્લેખ કરાયેલો હતો. આ સ્યુસાઈડ નોટમાં મૃતકનાં જ અક્ષર હોવાનો રિપોર્ટ એફ.એસ.એલ માંથી આવી જતા મૃતકની પત્નિની ફરિયાદને આધારે ડભોડા પોલીસે સ્વામી સહિત ચાર શખ્સો સામે ગુનો દાખલ કર્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા સ્વામી જયસ્વરુપની ડભોડા પોલીસે ધરપકડ કરી લીધી છે અને ગાંધીનગર કોર્ટે તેની પુછપરછ માટે ચાર દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા છે.
ડભોડા નજીક રતનપુર ગામનાં જમીન દલાલ પ્રવિણસિંહ ઉર્ફે શાભાજી બબુજી બિહોલાએ ૧૩ થી ૧૫ એપ્રિલ વચ્ચે કોઈ પણ સમયે લીંબડીયા નર્મદા કેનાલ બહાર તેની ગાડી મુકીને આપઘાત કરી લીધો

● અનુસંધાન પાના - ૭ પર





## ચિલોડા સર્કલ અને દહેગામ જવાના માર્ગ પાસેના અડચણરૂપ દબાણો દૂર કરાયા

ગાંધીનગર તાલુકાના ચિલોડા જંક્શન મથકે ગેરકાયદેસર અડચણરૂપ દબાણકારોનો રાફડો માથાના દુખાવા રૂપ સાબિત થઈ રહ્યો છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અગાઉ દહેગામ રોડ પરનું ગેરકાયદેસર દબાણ દૂર કરવા કમર કસી હતી. ત્યારબાદ આજે જિલ્લા તાલુકા વહીવટી તંત્ર દ્વારા પેટ્રોલ પંપની નજીક આવેલ દહેગામ માર્ગ પરના સર્વે નં. ૪૧૪ સરકાર હસ્તકની જમીન પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવા તંત્રએ કામગીરી આરંભી હતી.આ દબાણ દૂર કરવાની કામગીરીમાં ગલ્લાઓ અચડણરૂપ દબાણો દૂર કર્યા હતા. આ કામગીરીમાં ત્રણથી ચાર કલાક જિલ્લા સમાહર્તા સતીષભાઈ પટેલ, જિલ્લા તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓએ દબાણ દૂર કરવા ઝુંબેશ ઉપાડી હતી. દબાણ દૂર કરવાની કામગીરી બાદ તાર ફેન્સીંગ કરવા ગ્રામ પંચાયતને સૂચના આપી હતી. ગ્રામ પંચાયતે દબાણ સામગ્રી, ગલ્લાઓ તથા અન્ય સામગ્રી જપ્ત કરી હતી.

# મુબારકપુર ગામને ગાંધીનગરમાં સમાવવામાં નહી આવે તો ગ્રામજનોની ચૂંટણી બહિષ્કારની ચિમકી

ગાંધીનગર, તા. ૨૩
શહેરથી માત્ર ૧૨ કિ.મી.ના અંતરે આવેલ મુબારકપુર ગામ ૩૨ કિ.મી. દુર આવેલ કલોલમાં સમાવેશ થયેલું છે.જયારે મુબારકપુર ગામનો સામાજીક, આર્થિક, વ્યવસાયિક, શૈક્ષણિક અને આરોગ્ય સહિતનો વ્યવહાર ગાંધીનગર સાથે સંકળાયેલ છે. ત્યારે ગામને ૩૨ કિ.મી. દુર આવેલા કલોલમાં સમાવેશ થયેલો છે. જેથી ગ્રામજનો દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત સરકાર સમક્ષ કરવામાં આવી છે. તેમ છતા તંત્ર દ્વારા મુબારકપુરને ગાંધીનગરમાં સમાવેશ કરવામાં આંખ આડા કાન કરવામાં આવે છે. જેને પગલે ગ્રામજનો રોષે ભરાયા છે. તેમજ આ અંગે આગામી તા.૩૦ સપ્ટેમ્બર સુધીમાં યોગ્ય નિર્ણય સરકાર દ્વારા નહીં કરાય તો આગામી વિધાનસભાની ચુંટણીનો સર્વે ગ્રામજનો બહિષ્કાર કરશે.
ગાંધીનગર-મહુડી માર્ગ પર મુબારકપુર ગામ આવેલ છે. શહેરથી માત્ર ૧૨ કિ.મી.ના અંતરે આવેલ ગામનો સમાવેશ ૩૨ કિ.મી.દુર આવેલ કલોલ તાલુકામાં કરવામાં આવેલ છે. ત્યારે ગ્રામજનોએ મુબારકપુરને ગાંધીનગર તાલુકામાં સમાવેશ કરવા અનેકવાર લેખિત રજુઆતો કરી છે. પાંચ દાયકાથી ગ્રામજનો આ અંગે લડત આપી રહ્યા છે. વહીવટી તેમજ મહેસુલને લગતુ કંઈ પણ કામ હોય તો ગ્રામજનોને છેક કલોલ સુધી લાબા થવુ પડે છે.જેમાં આવનજાવનમાં પણ ઘણો સમય બરબાદ થાય છે. મુબારકપુરને કલોલમાંથી ગાંધીનગરમાં સમાવવા માટે સરપંચ, મુખ્ય સચિવ, કલેકટર, મુખ્યમંત્રી સુધી અનેકવાર લેખિત રજુઆત કરાઈ છે. છતા આ દુવિધાનો અંત આવતો નથી. ગ્રામજનોને સુવિધા આપવા માટે રાજકીય ઈચ્છા શકિત દેખાડવામાં આવતી નથી. માત્ર એક જાહેરનામુ બહાર પાડવાથી સમસ્યાનો અંત આવી શકે છે.તેમ છતા તંત્ર કામગીરીમાં વામણું પુરવાર થાય છે. ત્યારે આગામી તા.૩૦ સપ્ટેમ્બર સુધીમાં મુબારપુરને ગાંધીનગરમાં સમાવેશ અંગે કોઈ નિર્ણય નહી લેવાય તો આગામી વિધાનસભાની ચુંટણીનો ગ્રામજનો બહિષ્કાર કરશે તેમ ગામના સરંપચ જૈમિન પટેલે જણાવ્યું છે.

## શહેરની શાળાઓમાં રાષ્ટ્રભાષાનો પ્રચાર પ્રસાર કરતા વિક્રમસિંહ રાજપૂત

રાષ્ટ્રભાષાના પ્રચાર-પ્રસાર થકી રાષ્ટ્રીય એકતા માટે, સરકારી નોકરી પ્રાપ્ત કરવા માટે રાષ્ટ્રીય સ્વાભિમાનના પ્રતિકરૂપે હિન્દીના મહત્વ, ઉપયોગિતા અંગે વિક્રમસિંહ રાજપૂતે ગાંધીનગરની શાળાઓમાં 'હિન્દી સંવાદ' કાર્યક્રમ યોજયા હતા. સેમિનારમાં લેકાવાડાની ઓમકાર ઈન્ટરનેશનલ, વાવોલની એમ.બી. પટેલ સાર્વજનિક શાળા, સે-૨૬ની જયપ્રકાશ વિદ્યાલય, સે-૧૭ની સરસ્વતિ શિશુમંદિર, વાવોલની દેવ ઈન્ટરનેશનલ, સે-૭ની વહાણવટી વિદ્યાલય, સે-૧૩ની તક્ષશિલા માધ્યમિક, સે-૫ની સોરઠ કારડિયા રાજપૂત માધ્યમિક, સે-૨૫ની માતંગી સર્વ વિદ્યાલય, સે-૬ની સરસ્વતી વિદ્યાલય, સે-૧૫ની ગોપાલક કન્યા વિદ્યાલય, બોરિજની હર્ષિગુરૂકુલ તથા સે-૨૫ની શારદા વિદ્યાલય ખાતે યોજી વિદ્યાર્થીઓને હિન્દીનું મહત્વ સમજાવી હિન્દીના ઉપયોગને વધારવા પ્રેરિત કર્યા હતા.

# સે-૫/બી મહાકાળી નવરાત્રીમાં ખૈલેયાઓ મન મૂકીને ગરબે ઘુમ્યા

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર શહેરમાં નવરાત્રીનો માહોલ જામ્યો છે. ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમી માતાજીની ભકિતમાં તલ્લીન બન્યા છે. શેરી ગરબા અને સેકટરના કોમન પ્લોટમાં ગરબામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. ત્યારે સેકટર-૫ બી ખાતે આયોજીત મહાકાળી નવરાત્રી મહોત્સવ ૨૦૧૭માં બીજા નોરતે નાના બાળકથી લઈને મોટીં ઉંમરના દરેક વ્યકિત ગરબે ઘુમ્યા હતા.
ગાંધીનગર શહેરના સેકટર-૫ બી માં નવરાત્રીનો માહોલ જામ્યો છે. છેલ્લા ઘણા વર્ષોથી મહાકાળી માતાજીના મંદિરે ગરબાનું આયોજન કરવામાં આવે છે. જયારે છેલ્લા પાંચ વર્ષથી સે-



૫ બી ખાતે પણ ખાનગી આયોજકો જેવુંજ વાતાવરણનો માહોલ ઉભો કરાયો છે. જેમાં અદ્યતન ગ્રાઉન્ડ, આધુનિક સાઉન્ડ, સુપ્રસિધ્ધ કલાકારો, અને મોકળાશવાળા ગ્રાઉન્ડને પગલે સેકટરના તેમજ બહારના ખૈલેયાઓનું પ્રથમ પસંદગીનું સ્થાન બન્યું છે. જયારે ગરબા નિહાળવા માટે આવતા નગરજનો માટે સુંદર પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે મંદિર પરિસર તેમજ સમગ્ર સેકટર-૫ બી ના માર્ગ પર રોશનીથી ઝગમગતુ કરી દેવાયું છે. ત્યારે ગરબા ગ્રાઉન્ડમાં સલામતીનું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. જયારે ગ્રાઉન્ડ પર સતત પ્રમુખ તેમજ નવયુવાનોની ટીમ નવરાત્રી મહોત્સવમાં ખડેપગે હાજર જોવા મળે છે. જયારે સેકટર-૫બી નવરાત્રીમાં ગરબે ઘુમવા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ મોટીસંખ્યામાં નાગરીકો આવે છે. જયારે નવરાત્રીમાં સાંજ ઢળતા જ સેકટર-૫ બી માં માનવ મહેરામણ ઉમટતા અનેરો માહોલ જામે છે.